# સામાન્ય સૂચનાઓ

૧. ફોર્મ અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ફરજીયાત ભરવાનું રહેશે.

૨. ફોર્મ ખુબ જ ધીરજ અને ચોકસાઈથી ભરવાનું રહેશે. એકવાર ફાઈનલ સબમિટ આપ્યા બાદ સુધારો થઈ શકશે નહિ.

૩. એક થી વધુ વખત અરજી કરવી નહિ.

૪. ફોર્મમાં તમામ માહિતી સાચી આપવી ફરજીયાત છે. જો ખોટી માહિતી આપ્યાનું સાબિત થશે તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવામાં આવશે.

૫. શાળામાં પહેલાથી જ ધોરણ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. તેથી પ્રવેશ ઉપલબ્ધ જગ્યા અને વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

૬. સોગંધનામામાં  શાળાનું નામ એમ. કે. ગાંધી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા એવું લખાવવું ફરજીયાત છે. એમ.ઈ.એમ. લખેલ હશે તો અમાન્ય રહેશે. તેમજ સોગંધનામામાં વિદ્યાર્થીનું નામ અંગ્રેજીમાં જ લખેલું હોવું જોઈએ.

# <u>બાલવાટિકા અને ધોરણ-૧ના નવા પ્રવેશ માટેની સૂચનાઓ</u>

૧. બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રથમવાર પ્રવેશ મેળવનાર બાળકના વાલીઓએ ફોર્મમાં જન્મ પ્રમાણપત્ર અને આધાર કાર્ડમાં એક જ સમાન હોય એ નામ લખવાનું રહેશે. તેમજ બંનેમાં નામ એક સમાન હોવા ફરજીયાત છે.

૨. બાળકના પ્રવેશ માટેના પુરાવામાં(જન્મ પ્રમાણપત્ર અને આધાર કાર્ડ) બાળકનું અટક અને પિતાના નામ સહિતનું પૂરું નામ હોવું ફરજીયાત છે. (ખાસ કરીને અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે) તો ઉપરોક્ત પરિસ્થિતિએ વાલીએ રૂ.૫૦ના સ્ટેમ્પ પર અટક અને પિતાના નામ સહિત દર્શાવતું પૂરુંવાળું સોગંધનામું આપવાનું રહેશે. (વિદ્યાર્થીનું નામ અંગ્રેજીમાં જ લખેલું હોવું જોઈએ.)

૩. બાલવાટિકા/ધોરણ-૧/અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાથીઓ કે જ્ઞાતિ અંગેના પુરાવામાં પિતાનું જાતિ પ્રમાણપત્ર/ પિતાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/રૂ.૫૦ સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે

# L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા અન્ય શાળામાંથી અમારી શાળામાં પ્રવેશ માટેની સૂચનાઓ

૧. અન્ય શાળામાંથી L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં દર્શાવેલ માહિતી જ માન્ય રાખવામાં આવશે.

૨. જેમનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અંગ્રેજી સિવાય અન્ય કોઈ ભાષામાં હોય તો બાળકનું અટક પિતાના નામ સહિતનું પૂરું નામના સ્પેલિંગ, માતાના નામનો સ્પેલિંગ, અને જાતિનો સ્પેલિંગ બાબતે રૂ.૫૦ ના સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે.

૩. અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાથીઓના જ્ઞાતિ અંગેના પુરાવામાં પિતાનું જાતિ પ્રમાણપત્ર/ પિતાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/રૂ.૫૦ સ્ટેમ્પ પર સોગંધનામું આપવાનું રહેશે.

૪. અન્ય શાળામાંથી L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના શાળા છોડ્યાનું પ્રમાણપત્રમાં જન્મ સ્થળની સ્પષ્ટતા ન હોય તો જન્મ પ્રમાણપત્ર આપવો ફરજીયાત છે.

૫. ખાનગી શાળામાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) શાળાનો માન્યતા કમાંક હોવો જોઈએ.

૬. અન્ય જીલ્લામાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) પાછળ કેળવણી નિરીક્ષકના કાઉન્ટર સહિ સિકકા હોવા ફરજીયાત છે.

૭. અન્ય રાજ્યમાંથી આવતા વિદ્યાર્થીના L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) પાછળ ત્યાના પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારીના કાઉન્ટર સહિ સિકકા હોવા ફરજીયાત છે.

# ફોર્મ કેવી રીતે ભરવું એ અંગેના સૂચનાઓ.

૧. સૌ પ્રથમ જન્મ તારીખ લખવાની રહેશે. ત્યારબાદ જે ધોરણ માટે અરજી કરવા ઈચ્છો છો એની પસંદગી કરવાની રહેશે. (બાળવાટિકા અને ધોરણ-૧ માટે જન્મ તારીખનો સમયગાળો નિશ્ચિત હોવાથી બાળકના જન્મતારીખ મુજબ ધોરણ ઓટોમેટીક લઈ લેશે. અન્ય ધોરણો માટે ધોરણ પસંદ કરવાનું રહેશે.)

૨. ત્યારબાદ બાળક અન્ય કોઈ શાળામાં અભ્યાસ કરતો નથી એ બાબતે હા કે ના પસંદ કરવાનું રહેશે.

૩. જો બાળક અન્ય કોઈ શાળામાં અભ્યાસ કરતો નથી તો સીધા જ ફોર્મમાં દર્શાવેલી માહિતી ભરી ફોર્મ સબમિટ કરવાનું રહેશે.

૪. જો બાળક અન્ય શાળામાં અભ્યાસ કરે છે તો શાળાનું માધ્યમ અને શાળાનું નામ ભરી વિદ્યાર્થીની તમામ માહિતી ભરી ફોર્મ સબમિટ કરવાનું રહેશે.

૫. અન્ય શાળામાંથી અમારી શાળામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાથીઓના UID નંબર શાળાનો સંપર્ક કરીને મેળવી લેવાનો રહેશે.

# <u>ફોર્મ અને ડોક્યુમેન્ટ્સ જમા કરાવવા બાબતના સૂચનાઓ</u>

૧. મે માસના અંદાજે ૨૫-૫-૨૫થી અરજીઓને જગ્યાના આધારે મંજૂર કરવામાં આવશે. ત્યાં સુધી વાલીઓએ જરૂરી તમામ દસ્તાવેજો તૈયાર કરી લેવા.

૨. તા ૨-૬-૨૫ થી ૫-૬-૨૫ સુધી સમય સવારે ૯ થી ૧૨ વચ્ચે અરજીની પ્રિન્ટ કઢાવી ચેકબોક્સમાં (v) કરેલા જરૂરી ડોક્યુમેન્ટની ઝેરોક્ષ સાથે જમા કરાવવાનું રહેશે.

૩. તમામ ડોક્યુમેન્ટની સ્પષ્ટ ઝેરોક્ષ હોવી ફરજીયાત છે.

૪. નિયત સમયમાં ડોક્યુમેન્ટ્સ જમા કરાવવા ફરજીયાત છે. જો નિયત સમયમાં જમા નહિ કરવામાં આવે તો એ જગ્યા નિયમાનુસાર લીસ્ટમાં આવતા વિદ્યાર્થીને જગ્યા ફાળવી દેવામાં આવશે.

૫. ડોક્યુમેન્ટ સાથે રેશનકાર્ડ આપવું ફરજીયાત છે. જેમાં વિદ્યાર્થીનું નામ ઉમેરાયેલું હોવું જોઈએ અને તેનું e-kyc થયેલું હોવું જોઈએ.

૬. બાળકનું પોતાનું બેંક ખાતું હોય તો તેની પાસબુકની એક ઝેરોક્ષ જમા કરાવવી. જોઈન્ટ ખાતામાં પ્રથમનામ વિદ્યાર્થીનું હોવું જરૂરી છે.

૭. અન્ય શાળામાંથી L.C. (શાળા છોડયાનું પ્રમાણપત્ર) દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના વાલીઓએ અરજી મંજૂર થયા બાદ જે તે શાળાનો સંપર્ક કરી L.C. કઢાવવા બાબતે જાણ કરી દેવી. તેમજ જો L.C. (શાળા છોડયાનું પ્રમાણપત્ર) શાળા આપી દે તો ડોક્યુમેન્ટસની સાથે જ આપી દેવું. અથવા શાળા શરુ થયાના દિન-3માં જમા કરાવવાનું ફરજીયાત રહેશે.

૮. L.C. (શાળા છોડયાનું પ્રમાણપત્ર)માં UDISE+ માંથી વિદ્યાર્થીનો PEN નંબર ખાસ લખાવવો.